# અંધકારની વચ્ચે ઝબૂકતું અજવાળું





મુંબઈ એક એવું  શહેર છે જ્યાં રાત ક્યારેય પૂરી ઊંઘતી નથી. સમુદ્રની ભીની હવામાં સપનાઓ, સંઘર્ષ અને થાકેલી આશાઓ ભળી ગયેલી હોય છે. ઊંચી ઇમારતોના ચમકતા કાચ અને ઝૂંપડપટ્ટીની ટીનની છતો વચ્ચે જાણે બે અલગ દુનિયા એક જ શહેરમાં વસતી હોય એમ લાગે. મુંબઈના આ ઝગમગતા શહેરમાં એક દિવસ ચિત્રપ્રદર્શન યોજાયું હતું. દીવાલો પર રંગોના તહેવાર જેવા કેનવાસ લટકતા હતા. શહેરના જાણીતા લોકો, પત્રકારો, કલાકારો અને વિદ્યાર્થીઓ ત્યાં આવ્યા હતા. દરેક ચિત્ર કોઈ ને કોઈ ભાવના વ્યક્ત કરતું હતું. કોઈમાં આનંદ હતો, કોઈમાં પ્રેમ, કોઈમાં સંઘર્ષ, તો કોઈમાં પ્રકૃતિનો જાદુ. ગેલેરીમાં પ્રકાશ નરમ હતો. દીવાલો પર ચિત્રો જીવંત લાગતા હતા. ક્યાંક વરસાદમાં ભીંજાતી ગલીઓ હતી, ક્યાંક સ્ત્રીની આંખોમાં છુપાયેલું મૌન, ક્યાંક પ્રકૃતિના રંગો, તો ક્યાંક આધુનિક જીવનનો તણાવ. લોકો ધીમા અવાજે ચર્ચા કરતા આગળ વધી રહ્યા હતા. પણ એક ખૂણામાં લોકોની ભીડ થોડી વધુ હતી. ત્યાં એક નાનકડું ચિત્ર ટાંગેલું હતું. પણ એ બધાની વચ્ચે તે નાનકડું ચિત્ર બધાને રોકી લેતું હતું. ચિત્રમાં ઝુપડીનો એક કાળો કમરો હતો. રૂમની વચ્ચે એક સફેદ ટપકું દેખાતું હતું. બસ એટલું જ. લોકોને આશ્ચર્ય થતું હતું કે આટલું સાદું ચિત્ર આટલું ગહન કેમ લાગે છે? ચિત્ર બનાવનાર એક ગરીબ બસ્તીનો નાનકડો છોકરો હતો. જ્યારે કલા શિક્ષિકાએ તેને પૂછ્યું, “આ સફેદ ટપકું શું છે?”

બાળક થોડા સમય સુધી મૌન રહ્યું. પછી એની આંખો નીચે ઝૂકી ગઈ. તે રડી પડયો. રડમસ અવાજે તે બોલ્યો, “આ મારી આશા છે.”

“આટલી નાની?” તે શિક્ષિકાના હોઠ કંપ્યા. “...અને આ આટલો બધો કાળો કમરો?”

બાળક બોલ્યું, “એ મારી અંધારી દુનિયા છે... પણ તેમાં ક્યાંક થોડો પ્રકાશ હજુ બચ્યો છે.”

એટલે ..? તે શિક્ષિકાએ ઉત્સુકતાથી પૂછયું. બાળકે સમજાવ્યું કે કાળો રંગ એ મારી ઝૂંપડી છે. નાનું સફેદ વર્તુળ એ છિદ્ર છે. કાળો કમરો તે મારૂં જીવન છે. આ શબ્દો સાંભળીને ત્યાં ઉભેલી કલા શિક્ષિકાની આંખો ભીની થઇ ગઈ. "તેં તારી માતાને કેમ ન કહ્યું કે તારે દરરોજ આટલી પીડા સહન કેમ કરવી પડે છે," તેણે તે બાળને પૂછ્યું. તેનો જવાબ સાંભળી તે ચોંકી ગઈ."તે મને ઉછેરવા માટે સંઘર્ષ કરી રહી હતી. હું મારી ચિંતાઓ અને પીડાથી તેના પર હું વધુ બોજ નાખવા માંગતો ન હતો. આજે મેં તે દોર્યું જે મને સતાવતું હતું અને હવે હું થોડી રાહત અનુભવુ છું."

વર્કશોપમાં અન્ય બાળકો ફૂલો, પતંગો અને તેજસ્વી આકાશ દોરતા હતા, ત્યારે આ બાળકે તેને અંધકારનું એક પાનું આપ્યું હતું. કલા શિક્ષિકાએ તેને ધીમેથી સમજાવવા કહ્યું ત્યારે વાર્તા તૂટેલા વાક્યોમાં ગૂંથાઈ ગઈ. તેની માતા ઘરકામ માટે વહેલા કામ પર નીકળી જતી. તેના સાવકા પિતા તેને તેમની ઝુંપડીના એક કમરાવાળા ઘરમાં બંધ કરી દેતા અને દિવસ માટે ગાયબ થઈ જતા. અંદર, ઘોર અંધારું હતું. બારીઓ નહોતી. પ્રકાશ નહોતો. નર્યો ભય હતો.

"પણ દિવાલમાં એક નાનું કાણું હતુંને ?" તે શિક્ષિકાએ ઉત્સુકતાથી પૂછયું. તેના જવાબમાં બાળકે કહ્યું હતું. "તેમાંથી, પ્રકાશનું કિરણ કમરામાં ટપકતું. જ્યારે પ્રકાશ ઓછો થવા લાગતો ત્યારે મને ખબર પડતી કે સાંજ પડી ગઈ છે અને મારી માતા પાછી આવશે. તે દરવાજો ખોલશે અને હું બહાર જઈને તેની સાથે રહી શકીશ."

એક બાળકના "શાંત રડવાથી" શરૂ થયેલી આ એક વૈશ્વિક ચળવળનું તે બીજ હતું. પછી તેણે કંઈક એવું કહ્યું જે તે શિક્ષિકાના હૃદયને હચમચાવી ગયું: "શું તમે મને શાળામાં દાખલ કરશો?"

એક ક્ષણ માટે ગેલેરીનો બધો અવાજ જાણે દૂર ચાલી ગયો. તે શિક્ષિકાની અંદર કંઈક ભાંગી પડ્યું. એણે પહેલી વાર એટલી નજીકથી અનુભવ્યું કે બાળકોનું દુઃખ હંમેશા રડતું નથી. ઘણી વાર એ મૌન રહે છે... અને એ મૌન, શબ્દોથી નહીં - રંગોથી બહાર આવે છે. તે રાતે તે શિક્ષિકા ઊંઘી શકી નહીં. વારંવાર તેને એ કાળો કેનવાસ યાદ આવતો રહ્યો અને એ નાનકડું સફેદ ટપકું. કદાચ એ જ ક્ષણે એક સફળ કલાકારની અંદર રહેલ સમાજસેવિકાનો જન્મ થયો. કદાચ એ જ ક્ષણે તેણે નક્કી કર્યું કે હવે તેની કલા માત્ર દીવાલોની અંદર નહીં રહે. એ માણસોના જીવનમાં પ્રકાશ લાવવા માટે જીવશે. એ ક્ષણે કદાચ તેને સમજાઈ ગયું કે કલા માત્ર સુંદર ચિત્રો બનાવવાનું સાધન નથી. કલા એ માણસના મૌન રુદનને અવાજ આપવાની શક્તિ છે. કલા એ ઘાયલ આત્માને જીવવાની ઇચ્છા આપતો પ્રકાશ છે...અને એ દિવસથી એક કલાકારનો પ્રવાસ માત્ર ગેલેરીઓ સુધી સીમિત રહ્યો નહીં. એ એક વૈશ્વિક સામાજિક ચળવળ બની ગયો

બાળકના પ્રશ્ને તેને અંદરથી હચમચાવી દીધી હતી. આ કળા તરીકેનો અવાજ હતો. તેણે કહ્યું કે,"આ છે કળાની શક્તિ. વર્ષોથી જે વાત કોઈને કહી નહોતી શકાતી, તે તેણે દોરીને કહી દીધી અને હું તેને સાંભળી શકી." આ ઘટના દર્શાવે છે કે કલા માત્ર અભિવ્યક્તિ નથી - તે ઘણી વખત દબાયેલા ભાવોને અવાજ આપવાનું સાધન બને છે. જીવન બદલાવની ક્ષણ. બીજા જ દિવસે તે બાળકને તેણે શાળામાં દાખલ કરાવ્યો. આજે તે બાળક સારી રીતે અભ્યાસ કરી રહ્યો છે.

આ કલા શિક્ષિકા એટલે રૂબલ નગી. શું તમે ક્યારેય એવા કોઈ બાળકને મળ્યા છો જેણે જીવનમાં ક્યારેય પેન્સિલ પણ જોઈ ન હોય? મુંબઈમાં રહેતી કલાકાર રૂબલ એવી જ એક મુલાકાતને યાદ કરે છે. તે શહેરની એક બસ્તીમાં આર્ટ વર્કશોપ લઈ રહી હતી. તે સમયે પણ તે શહેરના છેવાડાના બાળકો સુધી પહોંચતી અને તેમને કલા શીખવતી. એક વર્કશોપ દરમિયાન, તેણે એક બાળકને પેન્સિલ આપી. પરંતુ છોકરાના ચહેરા પર એક મૂંઝવણભર્યુ ભાવ હતો. "આ શું છે?" તે બાળકે તેને પૂછ્યું.





"મને લાગ્યું કે તે મજાક કરી રહ્યો છે," રૂબલ યાદ કરે છે. "પણ તે મજાક કરતો ન હતો. દેખીતી રીતે, તેણે ક્યારેય પેન્સિલ જોઈ ન હતી." આઘાત અને મૂંઝવણમાં મુકાઈને તેણે એક મહિનો તે ક્ષણ પર પ્રક્રિયા કરવામાં વિતાવ્યો અને પોતાને વચન આપ્યું કે "હું મારાથી બનતું બધું કરીશ જેથી આવા કોઈ બાળકો ન હોય." પોતાનામાં રહેલી કલાને સ્પર્શીને તેણે રંગોની ડોલ ઉપાડી અને ઝૂંપડપટ્ટીમાં ત્યજી દેવાયેલી દિવાલોને ખુલ્લી હવામાં, સાક્ષરતા, વિજ્ઞાન, સ્વચ્છતા, ઇતિહાસ અને વધુ પર ઇન્ટરેક્ટિવ ભીંતચિત્રોમાં રૂપાંતરિત કરવાનું શરૂ કર્યું. તે ક્ષણે દુનિયાને જોવાની તેની દૃષ્ટિ બદલાઈ ગઈ. શું આ માત્ર

એક બાળકની વાત હતી, કે પછી સમાજ તરીકે આપણે ગરીબ અને વંચિત સમુદાયો પ્રત્યે નિષ્ફળ જઈ રહ્યા હતા? રૂબલ કહે છે, “મેં નક્કી કર્યું કે દરેક બાળકને પેન્સિલ શું છે તે ખબર હોય એવું વિશ્વ બનાવવાનું મારા જીવનનું ધ્યેય બનશે. મેં નક્કી કર્યું કે દરેક બાળક શાળામાં જાય એવો સમાજ બનાવવો.”





ભારતના આ કલા શિક્ષિકા રૂબલ નાગીને આ વર્ષે ૧ મિલિયન ડોલરના (લગભગ નવ કરોડ રુપિયા) ગ્લોબલ ટીચર પ્રાઇઝના વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. દુબઈમાં વર્લ્ડ ગવર્નમેન્ટ્સ સમિટમાં દુબઈના ક્રાઉન પ્રિન્સ, નાયબ વડા પ્રધાન અને સંરક્ષણ પ્રધાન શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તૂમ દ્વારા રૂબલને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઉપેક્ષિત અને તૂટી ગયેલી દિવાલોને વિશાળ, પરસ્પરક્રિયાત્મક ભીતિચિત્રોમાં પરિવર્તિત કરીને સાક્ષરતા, ગણિત, સ્વચ્છતા અને ગયોગદાન બદલ રૂબલ નગીને GEMS Education Global Teacher Prize ૨૦૨૬ એનાયત થયું છે જે Varkey Foundationની પહેલ છે અને UNESCOના સહયોગથી આયોજિત થાય છે. આ વિશ્વનું સૌથી મોટું શિક્ષક સન્માન માનવામાં આવે છે અને હવે તેના દસ વર્ષ પૂર્ણ થયા છે.



રંગાયા વગરની ઝૂંપડપટ્ટી



રંગાયેલી ઝૂંપડપટ્ટી


કલાને શિક્ષણના પ્રવેશદ્વાર તરીકે ઉપયોગ કરતી પહેલ દ્વારા ભારતભરના ઝૂંપડપટ્ટીઓ અને ગ્રામીણ સમુદાયોમાં શિક્ષણ પહોંચાડવાના તેમના કાર્ય માટે તે જાણીતા અને એક બાળકની આ માતા છેલ્લા ૨૦ વર્ષથી બાળકો સાથે કામ કરી રહી છે. તેમના આંદોલને ૮૦૦ થી વધુ શિક્ષણ કેન્દ્રો સ્થાપ્યા છે, ૬૦૦+ સ્વયંસેવકો અને પગારદાર શિક્ષકોને એકત્ર કર્યા છે, અને એક મોડેલને સુધાર્યું છે જે ઓછા સુવિધાયુક્ત બાળકો સુધી પહોંચે છે જેમને માટે ઘણીવાર ઔપચારિક શિક્ષણની પ્રાપ્યતા હોતી નથી. ચાલો ત્યારે એક કલા શિક્ષિકા એવી રૂબલે એક બાળકના શાંત રુદનને વૈશ્વિક ચળવળમાં કેવી રીતે ફેરવી દીધું તે જાણીને તેની જીવન ઝરમર પર એક નજર કરીને ખોબલે ખોબલે તેને વધાવી લઈએ.






મુંબઈના ઉચ્ચવર્ગીય Colaba વિસ્તારમાં આવેલી એક સાંકડી ગલી નાના કોંક્રિટના ખાંચાઓવાળી જગ્યા તરફ જાય છે, જ્યાં ધોબીઓ શહેરના કપડાં ધોઈ અને સુકવે છે. આ વિસ્તારની આસપાસ રંગબેરંગી - લાલ, વાદળી, લીલા અને પીળા - રંગોથી રંગાયેલી ઝૂંપડીઓ છે, જે એકબીજાના ઉપર એવી રીતે ગોઠવાયેલી છે કે જાણે કોઈ અસમતોલ ટેટ્રિસ (સૂડુકો) રમતના ભાગો હોય. અહીં મુખ્યત્વે ધોબીઓ અને તેમના પરિવારો રહે છે અને કામ કરે છે. આ ગૂંચવણભરેલા વિસ્તારમાં એક નાનું શૈક્ષણિક કેન્દ્ર આવેલું છે જ્યાં બાળકોને મૂળભૂત ગણિત અને ભાષાકૌશલ્યનું મફત શિક્ષણ આપવામાં આવે છે જેથી તેઓ પ્રથમવાર ઔપચારિક શિક્ષણ મેળવી શકે અથવા શાળા છોડ્યા પછી ફરી ભણવાનું શરૂ કરી શકે. આ કેન્દ્રનું સંચાલન રૂબલ દ્વારા સ્થાપિત એક બિનલાભકારી સંસ્થા કરે છે. ૪૫ વર્ષીય કલાકાર રૂબલ છેલ્લા ત્રણ દાયકાથી શહેરના સૌથી વંચિત સમુદાયો સુધી શિક્ષણ પહોંચાડવા માટે કાર્યરત છે.

રૂબલ (જન્મઃ ૮ જુલાઈ ૧૯૮૦) એક ભારતીય કલાકાર છે જેઓ શિલ્પકલા, આર્ટ ઇન્સ્ટોલેશન અને ચિત્રકામમાં વિશેષતા ધરાવે છે. તેઓ Rouble Nagi Art Foundation ના સ્થાપક છે. તેઓ Rouble Nagi Design Studioના પણ સ્થાપક છે. તેઓ India Design Council (IDC)ના સભ્ય છે અને મુંબઈ સૌંદર્યીકરણની શરૂઆત કરનાર અગ્રણીઓમાંના એક છે. તેમણે શહેર અને તેની આસપાસ 'આર્ટ ઇન્સ્ટોલેશન' દ્વારા મુંબઈને સુંદર બનાવવા માટે પહેલ હાથ ધરી છે. તેમની નવીનતમ પહેલ "મિસાલ મુંબઈ" ભારતની પ્રથમ ઝૂંપડપટ્ટી ચિત્રાંકનની પહેલ છે જેના માધ્યમથી તેઓ અત્યાર સુધીમાં ૧,૫૫,૦૦૦થી વધુ ઘરો રંગી ચૂક્યાં છે. આ પ્રોજેક્ટનો હેતુ મુંબઈની ઝૂંપડપટ્ટીઓના ઘરોમાં નવી સજીવતા લાવવાનો તેમજ તેને સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાખવાનો છે. રૂબલ ૨૦૧૭માં રાષ્ટ્રપતિ ભવન મ્યુઝિયમ ખાતે પ્રદર્શન માટે આમંત્રિત થનાર પ્રથમ કલાકાર હતાં અને તેમના સર્જનો ભારતના રાષ્ટ્રપતિના કાયમી સંગ્રહ માટે પણ પસંદ કરવામાં આવ્યા છે.




રૂબલ The Slum Queen નામના પુસ્તકના લેખક પણ છે જે ૨૦૨૨માં પ્રકાશિત થયું હતું. આ પુસ્તકમાં ભારતમાં ઝૂંપડપટ્ટીઓ અને ગામોમાં કરાયેલા તેમના કાર્યનું વર્ણન છે. કાશ્મીરના ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓને કૌશલ્ય વિકાસ દ્વારા સશક્ત બનાવવી અને ગ્રામ્યસ્તરે ઉદ્યોગસાહસિકો ઊભા કરવા માટેનું તેમનું કાર્ય અનોખું અને પ્રેરણાદાયી માનવામાં આવે છે.

રૂબલ સર્જનાત્મકતાને મુક્ત કરતાં સપનાઓને રંગવાનું, કેનવાસ પર રંગો ઉમેરીને ઝગમગતી ભાષા ચિતરવાનું, આસપાસના લોકોના હૃદય અને આત્માને પ્રકાશિત કરવા માટે ચિત્રો રચવાનું કાર્ય કરતી એક ચેતનવંતી નારી છે. અહીં તેની એવી એક કહાની છે જે જીવનના આનંદ અને ઉમંગને ઉજાગર કરે છે. એવું કહેવાય છે કે કોઈના વાદળોમાં ઈન્દ્રધનુષ બનવાનો પ્રયાસ કરો, અને જો આ વાત કોઈ સાથે સરખાવવી હોય તો તે છે રૂબલ જે પ્રેમ, આનંદ, દયાળુતા અને સૌંદર્યના રંગો ફેલાવીને સતત અનેક જીવનોના કેનવાસને રંગીન બનાવી રહી છે.

બાંદ્રાના જાફર બાબા ઝૂંપડપટ્ટીમાં એક વિદ્યાર્થીની મુલાકાત દરમિયાન, દિલથી કલાકાર એવી રૂબલે તેના ઘર પર રંગકામ કરવાનો નિર્ણય લીધો અને તેને પણ આ પ્રોજેક્ટમાં જોડાવા કહ્યું. આ એક એવો પ્રયત્ન હતો કે જેથી તે સર્જનાત્મક કાર્ય માટે પ્રેરિત થાય. આથી પ્રેરાઈને ઝૂંપડપટ્ટીના અન્ય

રહેવાસીઓ પણ રૂબલને તેમના ઘરો પર કંઈક ચિત્રિત કરવા વિનંતી કરવા લાગ્યા. ટૂંક સમયમાં આ નાનકડો વિચાર એક વિશાળ કેનવાસ બની ગયો જે એક ઘરથી બીજા ઘર સુધી ફેલાયો. શરૂઆત એક ઘરથી થઈ હતી. તે પછી એક આંદોલન સમાન બની ગઈ. આ હતી બ્રશ અને સ્ટ્રોક્સની જાદૂઈ અસર!





રૂબલ જણાવે છે કે તેમની સફર જેટલી મૂલ્યવાન રહી છે એટલી જ પડકારજનક પણ રહી છે. બાળપણના અનુભવો અને ઉંમર વધતાં વિકસેલા અનોખા દૃષ્ટિકોણોને વહેંચવા માટે રૂબલે The Slum Queen નામનું પુસ્તક લખ્યું છે જેમાં તેમની 'મિસાલ ઈન્ડિયા' અભિયાનનું પણ દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં એવા ભારતના તેમના સ્વપ્નની સફર વર્ણવાઈ છે, જ્યાં દરેક વ્યક્તિ પોતાની મહેનતથી રોજગાર મેળવી શકે અને પોતાની પ્રતિભાને માન્યતા અપાવી શકે.

તેમના પુસ્તક 'ધ સ્લમ ક્વીન' વિશે Socio Story સાથે વાત કરતાં રૂબલે જણાવ્યું કે "આ પુસ્તક તે બધા લોકો માટે સમર્પિત છે જેઓ પરિવર્તન લાવવા અને ઓછા નસીબદાર લોકોનું જીવન ઉન્નત બનાવવાના સપનાં જુએ છે. ભારતમાં ઝૂંપડપટ્ટી અને ગામોમાં કામ કરતી વખતે જે અનુભવો મને મળ્યા, તે આ પુસ્તકમાં સમાવાયા છે. 'મિસાલ' પહેલને સમગ્ર ભારતમાં અમલમાં મૂકતી વખતે જે હકીકતો અને આંકડાઓ મેં અનુભવે છે, તેનું દસ્તાવેજીકરણ પણ આ પુસ્તકમાં છે."

રૂબલ આગળ કહે છેઃ "જેમ કલા અભિવ્યક્તિનું એક માધ્યમ છે, તેમ લેખન પણ છે. મારા માટે આ સફર ડાયરી અને સ્કેચ દ્વારા મારા કાર્યને નોંધવાથી શરૂ થઈ. 'મિસાલ મુંબઈ' થી 'મિસાલ ઈન્ડિયા' સુધીની મારી પહેલની સફર જ આ પુસ્તકનો આધાર છે. આ યાત્રામાં અસંખ્ય કથાઓ અને અનુભવો જોડાયેલા છે."





'મિસાલ મુંબઈ' એક એવો પ્રોજેક્ટ હતો જે ઝૂંપડપટ્ટી અને ગામોના રહેવાસીઓને ગરીબીની બેડીઓ તોડી સન્માનપૂર્વકનું જીવન જીવવામાં મદદ કરવા માટે રચાયો હતો. તેમને કુશળતા પ્રદાન કરીને સશક્ત બનાવવામાં આવ્યા જેથી તેઓ પોતાના પરિવારને સહારો આપી શકે અને ખુશહાલ જીવન જીવી શકે. બાંદ્રા વેસ્ટમાં આ પ્રોજેક્ટ અંતર્ગત જાફર બાબા કોલોની, માઉન્ટ મેરી વિસ્તારમાં ૨૮૫થી વધુ ઘરો પર રંગકામ કરવામાં આવ્યું. રૂબલ અને તેમની ટીમે સ્થાનિક રહેવાસીઓની મદદથી આ વિસ્તારોની

ઝૂંપડપટ્ટીઓને રંગી અને સ્વચ્છ બનાવી. રૂબલ ધીમે ધીમે શહેરની ઝૂંપડપટ્ટીઓને વિશાળ કલાત્મક કૃતિઓમાં પરિવર્તિત કરવામાં આજે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.








વાહ! 'મિસાલ મુંબઈ' હવે 'મિસાલ ઈન્ડિયા' બની ગયું છે અને રૂબલ તથા તેમની ટીમ સમગ્ર ભારતમાં આ અભિયાન અમલમાં મૂકી રહ્યા છે. 'મિસાલ' દ્વારા આજે દસ લાખથી વધુ લોકોના જીવનમાં અસર પડી છે. રૂબલ જણાવે છે કે આ પ્રોજેક્ટના ગુણાત્મક અને પરિમાણાત્મક બંને પરિણામો અત્યંત પ્રેરણાદાયક રહ્યા છે. 'મિસાલ ઈન્ડિયા' હવે વૈશ્વિક સ્તરે લોન્ચ થવા તૈયાર છે, જેની શરૂઆત આફ્રિકાના ત્રણ દેશોથી થશે અને તેનો મુખ્ય હેતુ ઓછી સુખાકારી ધરાવતી મહિલાઓને સશક્ત બનાવવાનો રહેશે.







રૂબલ માને છેઃ "કોઈપણ કાર્ય સફળ થવા માટે તેમાં માનવતાપ્રેમ, સહાનુભૂતિ અને કરુણા હોવી અત્યંત જરૂરી છે." તેમના અનુસાર, દરેક સમસ્યાની શરૂઆત સંવાદના અભાવથી થાય છે; આપણે એવા સમાજોમાં જીવીએ છીએ જ્યાં લોકો એકબીજા સાથે વાતચીત કરતા નથી. "અમારા માટે સૌથી મોટો પડકાર લોકોને એ સમજાવવાનો હતો કે અમે અહીં કોઈ અપેક્ષા વિના મદદ કરવા આવ્યા છીએ. 'નિઃસ્વાર્થ સેવા' એ એક એવો વિચાર છે, જેમાં લોકો વિશ્વાસ નથી કરતાં કારણ કે દુનિયાએ આપણને શીખવ્યું છે કે લેવડદેવડ વિના કંઈ મળતું નથી. તેથી રહેવાસીઓને એ વિશ્વાસ અપાવવો કે અમારી પાછળ કોઈ છુપાયેલો હેતુ નથી, એ સૌથી મુશ્કેલ કામ હતું."

એક કલાકાર તરીકે રૂબલ કહે છે કે, "હું કલાને માધ્યમ બનાવી વિચારું છું, કલ્પના કરું છું અને સર્જન કરું છું. મને વિશ્વાસ છે કે એક દિવસ ભારત ઝૂંપડપટ્ટી મુક્ત બનશે અને આવા દુઃખદ પરિસ્થિતિમાં જીવતા દરેક વ્યક્તિને ઘર, ભોજન અને શિક્ષણ મળશે. આપણે દર વર્ષે પ્રગતિ કરી રહ્યા છીએ, અને આશા છે કે બહુ દૂર નહીં એવા ભવિષ્યમાં આપણો દેશ ૧૦૦% સાક્ષરતા દર અને ગરીબીરેખા નીચે કોઈ ન હોય તેવો દેશ બનશે."

"હાલમાં અમે કાશ્મીર ખીણથી શરૂ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં 'થિંક ટેન્ક' સ્થાપિત કરવા પર કાર્ય કરી રહ્યા છીએ. રાજસ્થાનના અલવર જિલ્લામાં આવેલા એક નાના ગામમાં અમે હોસ્પિટલ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છીએ. જો તમે અશક્ય લાગતા સપનાઓ જોવાની હિંમત કરો અને તેને કાર્યમાં ફેરવો, તો પરિવર્તન ચોક્કસ શક્ય બને છે," એમ કહીને 'સ્લમ ક્વીન' રૂબલે પોતાની વાત જણાવી હતી. રૂબલનું માનવું છે કે કલા માત્ર સુંદરતા માટે નથી - તે માનવ જીવનમાં ગૌરવ, આશા અને આત્મવિશ્વાસ જગાવવાની શક્તિ ધરાવે છે. તેમણે પોતાની સફર વિશે "The Slum Queen" પુસ્તકમાં "મિસાલ ઈન્ડિયા" અભિયાન અને ઝૂંપડપટ્ટીઓમાં કામ કરતી વખતે થયેલા અનુભવોનું વર્ણન કર્યું છે.

રૂબલનો જન્મ ૧૯૮૦માં ભારતના જમ્મુ - કશ્મીરમાં થયો હતો. તેમણે રાજનીતિશાસ્ત્રમાં સ્નાતક અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને ત્યારબાદ લંડનની Slade School of Fine Art માં ફાઇન આર્ટનો અભ્યાસ કર્યો હતો તેમણે Sotheby'sમાં યુરોપિયન કલાનો પણ અભ્યાસ કર્યો હતો. Rouble Nagi Art Foundation મુંબઈની ઝૂંપડપટ્ટીઓ તેમજ ભારતના વિવિધ વિસ્તારોમાં કલા આધારિત બાલવાડીઓ ચલાવે છે જેથી બાળકોને શાળામાં આવવા માટે પ્રેરણા મળી રહે. આ ફાઉન્ડેશનનો મુખ્ય હેતુ કલા અને શિક્ષણ દ્વારા સમાજમાં પરિવર્તન લાવવાનો છે. આ કેન્દ્રો ૧૦૦થી વધુ પછાત સમુદાયો અને ગામોમાં બાળકો માટે સુરક્ષિત અને પ્રેરણાદાયી શિક્ષણસ્થળ તરીકે કાર્ય કરે છે.જે બાળકો ક્યારેય શાળામાં ગયા નથી તેમને અહીંથી નિયમિત શિક્ષણ તરફ દોરી જવામાં આવે છે.આ કેન્દ્રો શાળામાં ભણતા બાળકોને પૂરક શિક્ષણ, ભાવનાત્મક સુરક્ષા અને સર્જનાત્મક વિકાસ માટે પણ મદદરૂપ બને છે.









જફર બાબા કોલોનીનું એક દૃશ્ય

"મિસાલ મુંબઈ" રસ્તાની દિવાલોને વર્ગખંડોમાં ફેરવનાર કલા શિક્ષિકા રૂબલની એક વધુ મહત્વપૂર્ણ પહેલ છે. તેની શરૂઆત ૨૦૧૬માં "પેઇન્ટ ધારાવી" અભિયાનથી થઈ હતી અને ત્યારબાદ તેનો વિસ્તાર Bandra West સહિત મુંબઈના અનેક વિસ્તારો અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં કરવામાં આવ્યો હતો. રૂબલ અને તેમની ટીમે સ્થાનિક રહેવાસીઓની મદદથી આ વિસ્તારોની ઝૂંપડપટ્ટીઓને રંગીને અને સ્વચ્છ બનાવીને ત્યાં નવી ઊર્જા અને સૌંદર્યનો સંચાર કર્યો હતો. તેમની સંસ્થાનો "મિસાલ" પ્રોજેક્ટ પણ તેમને ખૂબ પ્રિય છે. "મિસાલ" નો અર્થ છે "ઉદાહરણ". આ પ્રોજેક્ટ હેઠળ વિજ્ઞાન, સ્વચ્છતા, પર્યાવરણ જાગૃતિ અને સામાજિક જવાબદારી જેવા વિષયો પર શૈક્ષણિક ભીતિચિત્રો દોરીને ઝૂંપડપટ્ટીઓને "ખુલ્લા વર્ગખંડોમાં" પરિવર્તિત કરવામાં આવે છે.

મુંબઈના ધોબીઘાટમાં તે પણ એક સામાન્ય દિવસ જેવો જ દિવસ હતો. ખુલ્લા આકાશ હેઠળ ચાલતી આ પરંપરાગત ધોબીઘાટમાં હવામાં સાબુની સુગંધ ફેલાયેલી હતી અને બોલિવૂડના ગીતો ધોવાના મશીનોના સતત અવાજ સાથે સ્પર્ધા કરતા હતા. પરંતુ લાંબા, સુંદર વાળવાળી એક મહિલામાં કંઈ જ સામાન્ય નહોતું જે આવી અને કહી ગઈ હતી કે તે આ ઝૂંપડપટ્ટીને ખુશહાલ અને રંગીન બનાવવું માંગે છે. સ્થાનિક ધોબી અનિલ કનૌજિયાને તે વખતે તેની વાત પર વિશ્વાસ નહોતો આવ્યો. "તે શા માટે આટલી મહેનત કરશે? આ જગ્યાનો દેખાવ સુધારવાની ઈચ્છા આજ સુધી કોઈએ બતાવી નહોતી." એમ તેમણે કપડાં ધોઈને સાફ કરવા માટે વપરાતા મોટા કોંક્રીટના ટાંકા પાસે ઉભા રહીને કહ્યું હતું.

જ્યારે તેણે તે મહિલાએ ગોઠવેલા રંગોના ડબ્બાઓ જોયા - પીળો, મેજેંટા, લીલો, ફિરોઝી, લાલ અને ગાઢ નારંગી ત્યારે તેની શંકા વધુ વધી ગઈ. "મને લાગ્યું કે તે સરકાર તરફથી આવી છે અને

તોડફોડ માટે નિર્ધારિત ઘરો પર નિશાની મૂકી રહી છે," એવું તેમનું માનવું હતું. પરંતુ તે ખોટા સાબિત થયા. તે મહિલા રૂબલ હતી. તેણે આપેલું વચન સાચું પાડ્યું. સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ અને કેટલાક રહેવાસીઓ સાથે મળીને તેમણે ઝૂંપડપટ્ટીની ઉદાસ રાખોડી દીવાલોને ચમકતા રંગોથી રંગી નાખી. આજે ભારતીય તપ્ત સૂર્યપ્રકાશ હેઠળ તે રંગો થોડા ફિક્કા પડી ગયા છે. ચોમાસામાં તો તે વધુ ફિક્કા થશે. છતાં, બીજા ધોબી પ્રમોદ કનૌજિયા માટે તે રંગો ખૂબ મહત્વના છે.





"મેડમ રૂબલે અહીં રંગરોગાન કર્યું પછી જ મને સમજાયું કે આ જગ્યા કેટલી નિરાશાજનક હતી. આ રંગો અમને ખુશ કરે છે, મનોબળ વધારે છે," એમ તેમણે પીળી દીવાલ સામે બેસીને ગંદા કપડાંને અલગ કરતા કહ્યું. પરંતુ ૪૫ વર્ષીય નાગીને સમજાયું કે આ બદલાવ ફક્ત મનોબળ ઊંચું કરતો નહોતો - ધોબીઘાટમાં જ નહીં, પરંતુ અન્ય ઝૂંપડપટ્ટીઓમાં પણ વધુ ઊંડો પ્રભાવ પેદા કરતો હતો. "રહેવાસીઓએ કહ્યું કે હવે તેમને લાગે છે કે કોઈ તેમની વાત સાંભળે છે અને તેમને માન આપે છે. તેમને નવી ઓળખ મળી છે; હવે તેઓ માત્ર અજાણ્યા ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ નથી. હવે તેમને ગર્વ અનુભવાય છે," એમ તેમણે જણાવ્યું. મુંબઈની અંદાજે ૧.૩ કરોડની વસ્તીમાંથી લગભગ અડધા લોકો ઝૂંપડપટ્ટીઓમાં રહે છે. સૌથી મોટી અને જાણીતી ઝૂંપડપટ્ટી ધારાવીમાં રૂબલે ૨૬ વર્ષ પહેલાં દીવાલો રંગવાનું શરૂ કર્યું હતું, જ્યારે તેઓ પતિ સાથે મુંબઈમાં રહેવા આવ્યા હતા. રૂબલે શરૂઆતમાં બાળકોને કળાશિક્ષણ આપવા માટે ઝૂંપડપટ્ટીઓમાં જવાનું શરૂ કર્યું હતું. પરંતુ ટૂંક સમયમાં જ તેને સમજાયું કે જો તેઓ બાળકોના જીવનમાં કળા લાવી શકતા ન હોય તો કળા વિશે વાત કરવાનો કોઈ અર્થ નથી. અને તે માટેનો સૌથી સસ્તો અને ઝડપી રસ્તો હતો તેમના ઘરોને રંગવું. તેણે અને તેની ટીમે સ્વચ્છતા સુધારવા માટે પણ કામ કર્યું. રહેવાસીઓને કચરો દૂર કરવા અને વિસ્તાર સાફ રાખવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

તેમના ઘણા મિત્રોને લાગતું હતું કે રૂબલ માટે ઝૂંપડપટ્ટીઓમાં એટલો સમય પસાર કરવો "પાગલપણું" છે. પરંતુ રૂબલનો સાચો જુસ્સો શિક્ષણ હતો. રંગરોગાન પ્રોજેક્ટે તેમને ઝૂંપડપટ્ટીમાં પ્રવેશવાનો, રહેવાસીઓનો વિશ્વાસ જીતવાનો અને પછી તેમના મુખ્ય હેતુ મુજબ બાળકોને શાળામાં મોકલવાની ખાતરી કરવાનો માર્ગ આપ્યો. ધોબીઘાટની બાલવાડીમાં એક બેન્ચ પર બેઠેલી નાગીએ કહ્યું કે રંગાયેલી દીવાલોએ રહેવાસીઓમાં જે ગૌરવભાવ જગાવ્યો છે તેને એક જ શબ્દમાં સમાવી શકાય છે. પ્રોજેક્ટ પહેલાં તેઓ પોતાના ઘરોને "ઝુગ્ગી" કહેતા - ગંદી અને તૂટેલી ઇમારતો માટે વપરાતો શબ્દ. "હવે રહેવાસીઓ કહે છે કે આ શબ્દ યોગ્ય નથી," તેમણે કહ્યું. "હવે જ્યારે તેમના ઘરો સુંદર કેનવાસ જેવા દેખાય છે, ત્યારે તેઓ આગ્રહ કરે છે કે આપણે તેને 'હટ' કહીએ."

રૂબલ નાગીનો જન્મ સામાન્ય પરિવારમાં થયો હતો પણ એનું મન સામાન્ય નહોતું. બાળપણથી જ એને દુનિયા રંગોમાં દેખાતી. બીજા બાળકો રમકડાં સાથે રમતા, ત્યારે રૂબલ કાગળ પર આકારો દોરતી. એને લાગતું કે દરેક રંગની પોતાની એક ભાષા હોય છે. લાલ રંગ ઉત્સાહથી ધબકે છે. વાદળી શાંતિનો શ્વાસ લે છે. લીલો જીવનની સુગંધ ફેલાવે છે અને પીળો રંગ આશાનો સૂર્ય બની જાય છે.








ઘરમાં જ્યારે કોઈ ઉદાસ હોય, ત્યારે રૂબલ ચિત્ર દોરતી. ચિત્ર પૂરું થતાં જ વાતાવરણ થોડું હળવું થઈ જતું. એને ધીમે ધીમે સમજાવા લાગ્યું કે કલા માત્ર શોખ નથી. કલા માણસના મનને સ્પર્શી શકે એવી ઉપચારશક્તિ છે. શાળાના દિવસોમાં પણ રૂબલ અલગ જ દેખાતી. શિક્ષકો કહેતા : "આ બાળકી દુનિયાને આંખોથી નહીં, હૃદયથી જોવે છે." રૂબલને માત્ર સુંદર દૃશ્યો દોરવામાં રસ નહોતો. એને માણસોની અંદરની લાગણીઓ દોરવી ગમતી. રસ્તા પર બેઠેલી થાકેલી ગરીબ સ્ત્રી. ધૂળમાં રમતું નિર્દોષ બાળક. વરસાદમાં ભીંજાતો મજૂર.આ બધું એની અંદર ક્યાંક ઊંડે ઉતરી જતું. એ સમજવા લાગી હતી કે દુનિયામાં સૌથી મોટું દુઃખ ગરીબી નહીં, પણ અવગણના છે. ઘણા લોકો જીવતા હોય છે, પણ કોઈ એમની પીડા સાંભળતું નથી અને કદાચ કલા એ સાંભળવાનો રસ્તો બની શકે.

સમયની સાથે રૂબલે કલા જગતમાં પોતાનું સ્થાન બનાવ્યું. પ્રદર્શનો યોજાવા લાગ્યા. પ્રશંસા મળવા લાગી. લોકો એની કૃતિઓને કલાકારીનું ઉત્તમ ઉદાહરણ કહેવા લાગ્યા. એના ચિત્રો મોંઘા ભાવે વેચાતા. નામ હતું. પ્રતિષ્ઠા હતી. સફળતા હતી.પણ છતાં ક્યાંક અંદર ખાલીપો હતો. એક દિવસ એક ભવ્ય આર્ટ ગેલેરીમાં એક પત્રકારે પૂછ્યું : "તમારી પાસે નામ છે, સફળતા છે, પૈસા છે...હવે તમારે બીજું શું જોઈએ?" રૂબલ થોડીવાર મૌન રહી. પછી ધીમેથી બોલી : "મારે એવું ચિત્ર બનાવવું છે કે જે કોઈનું જીવન બદલી નાખે." આ શબ્દોમાં એનું દિલ બોલતું હતું. એને સમજાઈ ગયું હતું કે કલા જો માત્ર દીવાલ પર સજાવટ બની રહે, તો એ અધૂરી છે. કલા ત્યારે સંપૂર્ણ બને છે, જ્યારે એ કોઈના જીવનમાં પ્રકાશ લાવે.

રૂબલ મુંબઈની ઝૂંપડપટ્ટીમાં પહેલી વાર ગઈ ત્યારે તેણે સાંકડા રસ્તા જોયા. તૂટેલી દિવાલો જોઈ. ગંદકી,અંધકાર અને નિરાશાથી ભરેલા ચહેરા જોયા. બાળકો પાસે રમકડાં નહોતા. ઘણા બાળકો શાળાએ જતા નહોતા. ઘણા બાળકોના ચહેરા પર બાળપણ જ નહોતું. રૂબલ લાંબા સમય સુધી એ બધું નિહાળતી રહી.પછી એણે રંગોના ડબ્બા બહાર કાઢ્યા. બ્રશ કાઢ્યાં. અને બાળકોને કહ્યું : "ચાલો, આજે આ દીવાલોને જીવંત બનાવી દઈએ."શરૂઆતમાં બાળકો શરમાતા હતા. પણ થોડા સમયમાં જ એના હાથમાં બ્રશ આવી ગયા. કોઈએ સૂર્ય દોર્યો. કોઈએ વૃક્ષ. કોઈએ પતંગ. કોઈએ પોતાનું સપનાનું ઘર....અને ધીમે ધીમે અંધારી દીવાલો પર રંગો ખીલવા લાગ્યા.રૂબલ આશ્ચર્યથી બાળકોને જોતી રહી.

આ બાળકો ગરીબ હતા. પણ એમની કલ્પના ગરીબ નહોતી. સમાજે એમને અવાજ આપ્યો નહોતો. પણ રંગોએ એમને બોલતા કરી દીધા. એ દિવસે રૂબલનો માર્ગ બદલાઈ ગયો. રૂબલ નાગીએ નક્કી કર્યું કે હવે કલા માત્ર ગેલેરીઓમાં નહીં રહે. કલા બસ્તીઓમાં જશે. ગરીબોની ગલીઓમાં જશે. શાળાઓમાં જશે. અનાથાશ્રમોમાં જશે. એણે ઝૂંપડપટ્ટીઓની દીવાલો રંગાવવાની શરૂઆત કરી. શરૂઆતમાં લોકો હસતા.

"દીવાલ રંગવાથી શું બદલાશે?"

પણ રૂબલ જાણતી હતી કે દરેક પરિવર્તન પહેલાં મનમાં જન્મે છે. એક બસ્તીમાં આખી ગલી રંગાઈ ગઈ. જ્યાં પહેલાં ગંદકી અને અંધકાર હતો ત્યાં હવે રંગો નાચતા હતા. થોડા દિવસ પછી એક વૃદ્ધે રૂબલને કહ્યું : "બેટી, પહેલાં આ ગલીમાં લોકો ઝઘડા કરતા. લોકો આ ગલીમાંથી ઝડપથી પસાર

થઈ જતા. હવે લોકો અહીં ઉભા રહીને સ્મિત કરે છે. હવે લોકો અહીં ફોટા પડાવે છે. બાળકો વહેલા ઊઠે છે. ગંદકી ઓછી થઈ છે."

એક મહિલાએ કહ્યું :"અમારા બાળકો હવે વહેલા ઊઠે છે. ગલી સાફ રાખે છે. એમને લાગે છે કે આ જગ્યા અમારી છે."

રૂબલ હસીને બોલી :"રંગો માણસના મનને પણ સાફ કરે છે." ધીમે ધીમે આ અભિયાન મોટું બનતું ગયું. લોકો જોડાવા લાગ્યા. સ્વયંસેવકો આવ્યા. વિદ્યાર્થીઓ આવ્યા. કલાકારો આવ્યા. અને એક દિવસ આ પહેલ માત્ર એક શહેરમાં નહીં પણ અનેક વિસ્તારોમાં ફેલાઈ ગઈ. રૂબલને સમજાયું કે માણસ પોતાની આસપાસની જગ્યા સુંદર બનેલી જુએ છે ત્યારે એની અંદર પણ આત્મસન્માન જન્મે છે...અને આ રીતે રંગોની એક નાનકડી શરૂઆત ધીમે ધીમે સામાજિક ચળવળમાં ફેરવાઈ ગઈ.

છેલ્લા વીસ વર્ષોમાં રૂબલે કલા દ્વારા દસ લાખથી વધુ બાળકોને ઔપચારિક શિક્ષણ પ્રણાલીમાં જોડવામાં મદદ કરી છે. તેમના કાર્યનું કેન્દ્રબિંદુ "લિવિંગ વોલ્સ ઓફ લર્નિંગ" નામની નવીન કલ્પના છે. તે નિર્જીવ દિવાલોને ખુલ્લા આકાશ હેઠળના શૈક્ષણિક ભીતિચિત્રોમાં ફેરવે છે, જ્યાં સાક્ષરતા, ગણિત, વિજ્ઞાન, સ્વચ્છતા, ઈતિહાસ, પર્યાવરણ જાગૃતિ અને સામાજિક જવાબદારી જેવા વિષયો શીખવવામાં આવે છે. આ ભીતિચિત્રો માત્ર શણગાર માટેની કલા નથી, પરંતુ ખુલ્લા વર્ગખંડો છે, જે બાળકોને શિક્ષણ તરફ આકર્ષે છે, માતા-પિતાને જોડે છે અને સમગ્ર સમાજને શિક્ષણના ભાગીદાર બનાવે છે।

Sunny Varkey, GEMS Education, Global Teacher Prize અને Varkey Foundationના સ્થાપકે જણાવ્યું હતું કે રૂબલ શિક્ષણ શું હોઈ શકે તેનું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરે છે- સાહસ, સર્જનાત્મકતા, કરુણા અને દરેક બાળકની ક્ષમતામાં અડગ વિશ્વાસ સમાજના સૌથી વંચિત વર્ગો સુધી શિક્ષણ પહોંચાડીને તે માત્ર વ્યક્તિગત જીવનમાં જ નહીં, પરંતુ પરિવારો અને સમગ્ર સમાજમાં પરિવર્તન લાવ્યા છે. તેમનું કાર્ય આપણને યાદ અપાવે છે કે શિક્ષકો આપણા વિશ્વમાં પ્રગતિ માટેની સૌથી શક્તિશાળી શક્તિ છે।"

Stefania Giannini, UNESCO ના શિક્ષણ માટેના સહાયક મહાનિર્દેશકે જણાવ્યું હતું: "અભિનંદન, રૂબલ. આ ક્ષણ આપણને એક સરળ સત્ય યાદ અપાવે છે. શિક્ષકો અત્યંત મહત્વપૂર્ણ છે. UNESCO તમારા જેવા શિક્ષકોનું સન્માન કરવામાં ગૌરવ અનુભવે છે જેઓ ધીરજ, સંકલ્પ અને દરેક શીખનાર પ્રત્યેના વિશ્વાસ દ્વારા બાળકોને શાળામાં પહોંચાડે છે. આ એક એવું કાર્ય જે જીવનની દિશા બદલી શકે છે. તે શીખવાનો, સપના જોવાનો અને સંભાવનાઓથી ભરેલું ભવિષ્ય બનાવવાનો અધિકાર મજબૂત બનાવે છે."

રૂબલ સમગ્ર ભારતમાં વ્યાપક પ્રવાસ કરીને શૈક્ષણિક કેન્દ્રોમાં બાળકો સાથે સીધું કામ કરે છે અને શિક્ષકોને માર્ગદર્શન આપે છે. તેણે સ્વયંસેવક અને વેતનભોગી શિક્ષકોને જોડ્યા અને તાલીમ આપી છે જેથી બાળકોની શૈક્ષણિક, સામાજિક અને આર્થિક પરિસ્થિતિને અનુરૂપ વિસ્તૃત કરી શકાય તેવી શિક્ષણ પ્રણાલી વિકસાવી શકાય. તેમના વર્ગખંડો ઘણી વખત અત્યંત પડકારજનક પરિસ્થિતિઓમાં કાર્ય કરે છે જ્યાં ગરીબી, બાળમજૂરી, વહેલા લગ્ન, અનિયમિત હાજરી અને મૂળભૂત સુવિધાઓના અભાવ જેવી સમસ્યાઓ હોય છે. પરંતુ રૂબલ આ પરિસ્થિતિઓને અવરોધ તરીકે નહીં, પરંતુ શિક્ષણને જીવનસંગત બનાવવા માટેની તક તરીકે જુએ છે. તેઓ કામ કરતા બાળકો માટે અનુકૂળ સમયપત્રક, રિસાયકલ કરેલી સામગ્રી દ્વારા પ્રાયોગિક શિક્ષણ અને પરિવારોને તરત ઉપયોગી બને તેવી કુશળતાઓ પર આધારિત શિક્ષણ પદ્ધતિ અપનાવે છે। પરિણામે, તેમના કાર્યક્રમોએ શાળા છોડવાના દરમાં ૫૦%થી વધુ ઘટાડો કર્યો છે અને લાંબા ગાળાના શૈક્ષણિક જોડાણમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

ભારતની ઝૂંપડપટ્ટીઓને ખુલ્લા વર્ગખંડોમાં ફેરવનાર શિક્ષિકા રૂબલે ૧૦ લાખ અમેરિકન ડોલરની ઇનામી રકમનો ઉપયોગ "સ્કિલિંગ ઇન્સ્ટિટ્યૂટ" સ્થાપવા માટે કરવાનો નિર્ણય લીધો છે, જ્યાં વંચિત

બાળકો અને યુવાનોને મફત વ્યવસાયિક તાલીમ અને ડિજિટલ સાક્ષરતા શિક્ષણ આપવામાં આવશે, જેથી લાખો લોકોના જીવનમાં નવા અવસર ઊભા થઈ શકે. શિક્ષણ ક્ષેત્રમાં તેમના યોગદાન ઉપરાંત, રૂબલ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકાર અને શહેરી પુનર્જીવન ક્ષેત્રની અગ્રણી તરીકે પણ જાણીતા છે. તેમને મળેલા સન્માનોમાં Jijamata Award, GR8 Award, MAP Noble Artist Award અને HELLO! Urja Award નો સમાવેશ થાય છે.

રૂબલ જ્યારે બાળકો સાથે કામ કરતી ત્યારે એને સમજાયું કે ઘણા બાળકો બોલતા ઓછા હતા. કેટલાક બાળકો અંદરથી તૂટેલા હતા. કોઈ ઘરેલુ હિંસા જોઈને ડરી ગયેલા. કોઈ ગરીબીથી દબાયેલા. કોઈ અવગણનાથી મૌન બની ગયેલા. પણ જ્યારે એમને રંગો મળતા, ત્યારે એ બોલવા લાગતા. એક બાળકી હંમેશા કાળા રંગથી ચિત્ર બનાવતી. રૂબલે એને પૂછ્યું :

"તને બીજો રંગ નથી ગમતો?"

બાળકી ધીમેથી બોલી : "અમારા ઘરમાં હંમેશા અંધારું રહે છે."

રૂબલે એને પીળો રંગ આપ્યો.

"આ અજમાવી જો."

થોડા સમય પછી એ બાળકીના ચિત્રમાં નાનો દીવો દેખાયો. રૂબલ સમજી ગઈ કે કલા બાળકના મનનો દરવાજો ખોલે છે. જે બાળક શબ્દોમાં કહી શકતું નથી, એ રંગોમાં કહી દે છે અને તેથી જ રૂબલે કલાને થેરાપી તરીકે ઉપયોગ કરવાનું શરૂ કર્યું. એ બાળકોને કહેતી,"કલાકાર બનવા માટે તમારે ચિત્રકાર હોવું જરૂરી નથી. તમારું દિલ જે કહે, એ દોરો." આ વાત બાળકોને સ્પર્શી જતી. એમને પહેલી વાર લાગતું કે કોઈ એમને સમજવા તૈયાર છે.

"જ્યાં અમે ચિત્રો દોરી રહ્યા હતા ત્યાં બાળકો ભેગા થવા લાગ્યા ત્યારે મેં તેમને પૂછ્યું કે શું તેઓ વાર્તા સાંભળવા ઇચ્છે છે? બધા બાળકો એકસાથે 'હા' બોલ્યા," રૂબલ યાદ કરતાં કહે છે કે એ જ ક્ષણે તેમને સમજાયું કે ગરીબ સમુદાયોના બાળકો પણ શીખવા ઇચ્છે છે અને કલા દ્વારા તેઓમાં શિક્ષણ પ્રત્યે રસ જગાવી શકાય છે. વર્ષો દરમિયાન, રૂબલે અને તેમની ટીમે ભારતના અનેક શહેરોમાં શૈક્ષણિક કેન્દ્રો સ્થાપ્યાં છે જ્યાં શિક્ષકોને કલા આધારિત શિક્ષણ પદ્ધતિ દ્વારા વિષયો સરળ બનાવવાની પ્રેરણા આપવામાં આવે છે. સ્વયંસેવકો બાળકોને કુશળતા આધારિત તાલીમ આપે છે અને દાન દ્વારા તેમને પુસ્તકો, શાળાની બેગ તથા અન્ય શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવે છે.





રૂબલ સમજાવે છે કે આ બધા કેન્દ્રો પરંપરાગત ઈમારતોમાં આવેલા વર્ગખંડો નથી. ઘણી વખત ઝૂંપડપટ્ટીના ખુલ્લા વિસ્તારોમાં ચટાઈઓ અને ગાલિચાઓ પર બાળકોને બેસાડીને વર્ગો યોજવામાં આવે છે. "શિક્ષણ ક્યાંય પણ થઈ શકે છે. માત્ર તેને રસપ્રદ બનાવવાની જરૂર છે," રૂબલ કહે છે. પરંતુ આ કેન્દ્રોનું સંચાલન સરળ નથી. તેઓ જણાવે છે કે ઘણા બાળકો તૂટેલા અને અસંગઠિત પરિવારોમાંથી આવે છે, તેથી શિક્ષકોને ઘણી વખત માત્ર શિક્ષક નહીં પરંતુ સલાહકાર અને રક્ષકની ભૂમિકા પણ નિભાવવી પડે છે. "કોઈ બાળક એક અઠવાડિયા સુધી અમારા કેન્દ્રમાં આવતું ન હોય તો અમારા

સ્વયંસેવકો તેના ઘેર જઈ તેની સ્થિતિ જાણે છે," રૂબલ સમજાવે છે. તેઓ ઉમેરે છે કે બાળકોના માતા-પિતાને શિક્ષણ પ્રત્યે જોડાયેલા રાખવા માટે નિયમિત બેઠકો પણ યોજવામાં આવે છે. તેમના જણાવ્યા અનુસાર, આ પ્રયત્નોથી ઘણા વિદ્યાર્થીઓએ શાળાનું શિક્ષણ પૂર્ણ કર્યું છે અને કેટલાક તો કોલેજ સુધીનો અભ્યાસ પણ આગળ વધાર્યો છે. મયુર નામનો એક ભૂતપૂર્વ વિદ્યાર્થી હવે પોતાનાં આર્ટ વર્ગો ચલાવે છે અને નાનો પ્રિન્ટિંગ વ્યવસાય પણ કરે છે. સપ્તાહના અંત દરમિયાન તે Rouble Nagi Art Foundation સાથે સ્વયંસેવક તરીકે કાર્ય કરે છે, જેથી તેના સમુદાયના અન્ય બાળકોને પણ તે જ તકો મળી શકે જે તેને મળી હતી.

કલાકાર રૂબલ એક મહેનતુ વિદ્યાર્થી હતી, પરંતુ કેટલો પણ પ્રયત્ન કરે છતાં કેટલીક બાબતો તેને સમજાતી નહોતી. પરંતુ જ્યારે કળાએ તેના જીવનમાં પ્રવેશ કર્યો, ત્યારે રૂબલે તેની શક્તિ અનુભવી, અને આજે તે જ શક્તિનો ઉપયોગ ભારતભરના સમુદાયોના બાળકોને ભણાવવામાં કરે છે. તે કહે છે કે તમે માત્ર તે બાળકને ભણાવી શકો જે શીખવા ઈચ્છે. રૂબલે પોતાના કારકિર્દીના શરૂઆતના દિવસોમાં આ પાઠ શીખ્યો હતો. તે એક પ્રસંગ યાદ કરે છે, જ્યારે તે મુંબઈની ઝૂંપડપટ્ટીની દીવાલ પર ભિતીચિત્ર બનાવી રહી હતી. "એક બાળક મારી પાસે આવ્યું અને કહ્યું કે જે સ્વાતંત્ર્ય સેનાનીનું ચિત્ર હું દોરી રહી હતી, તેનું ફોટો તેણે પોતાના પાઠ્યપુસ્તકમાં જોયો હતો. મેં તેને પુસ્તક લાવવા કહ્યું અને પછી હું તેને તે સ્વાતંત્ર્ય સેનાનીની વાર્તા કહેવા લાગી." દરેક પ્રશ્ન સાથે રૂબલ અને બાળક વચ્ચે જીવંત ચર્ચા શરૂ થઈ જતી. તે બાળકોને જ્ઞાન આપતી અને સાથે સાથે તેમની બસ્તીની દીવાલોને પણ જીવંત બનાવતી. રૂબલ આજે પણ આ સંવાદોને ખૂબ સ્નેહથી યાદ કરે છે. તેને પોતાનું બાળપણ યાદ આવે છે. "મારા પિતા સૈનિક અધિકારી હતા. જ્યારે તેમની પોસ્ટિંગ નાના શહેરો અને ગામોમાં થતી, ત્યારે હું રસ્તા કિનારે રહેતા અથવા દુકાનોમાં કામ કરતા એવા બાળકોને જોતી જે શાળાએ જતા નહોતા. હું પિતાને પૂછતી કે તેઓ શાળાએ કેમ નથી જતા, પરંતુ તેઓ કહેતા કે હું હજુ નાની છું." પણ આ પ્રશ્ન ક્યારેય તેના મનમાંથી ગયો નહીં. સમય સાથે આ પ્રશ્ન ઉકેલ શોધવાની તલાશમાં બદલાઈ ગયો અને તેમાંથી જ જન્મ્યું Rouble Nagi Art Foundation-જે કળા દ્વારા શિક્ષણ અને સમાજ કલ્યાણને નવી વ્યાખ્યા આપે છે.

રૂબલ નાગીની પહેલ ધીમે ધીમે આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી બનવા લાગી. વિદેશી મીડિયા એના કામ વિશે લખવા લાગ્યું. લોકો આશ્ચર્યથી પૂછતા : "એક કલાકારે આખી બસ્તીનું માનસશાસ્ત્ર કેવી રીતે બદલી નાખ્યું?" રૂબલનો જવાબ સરળ હતો : "જ્યાં માણસને સન્માન મળે છે, ત્યાં પરિવર્તન થાય છે." જ્યારે બસ્તીની દીવાલો સુંદર બની, ત્યારે લોકોને પોતાની આસપાસની જગ્યા માટે પ્રેમ થવા લાગ્યો. લોકોએ કચરો ફેંકવાનું ઓછું કર્યું. બાળકો શાળામાં વધુ જવા લાગ્યા. મહિલાઓ જાહેર જગ્યાઓમાં જોડાવા લાગી. એક રંગાયેલી દીવાલે આખા સમુદાયમાં આત્મસન્માન જગાવી દીધું. અને દુનિયાએ જોયું કે કલા માત્ર સજાવટ નથી. કલા સામાજિક પરિવર્તનની શક્તિ છે.

૨૦૧૧થી, CSR ફંડિંગ દ્વારા સંચાલિત આ ફાઉન્ડેશને ભારતભરમાં અનેક લર્નિંગ સેન્ટરો સ્થાપ્યા છે, જ્યાં પ્રથમ પેઢીના વિદ્યાર્થીઓ માટે સુવ્યવસ્થિત શિક્ષણની શરૂઆત થાય છે અને તેમને ફરી મુખ્ય પ્રવાહની શાળાઓમાં જોડવામાં આવે છે. રૂબલ કહે છે, "શરૂઆતમાં અમે જોયું કે ઘણાં બાળકો શાળામાં જતા નહોતા. તેથી અમે તેમને કહ્યું કે પહેલા અમે તમને મૂળભૂત શિક્ષણ આપશું અને પછી શાળામાં દાખલ કરાવીશું." આ કેન્દ્રોમાં બાળકોને કળા આધારિત પદ્ધતિઓ દ્વારા ભણાવવામાં આવે છે - જેમ કે રિસાયકલ સામગ્રી, વાર્તાકથન અને ભિતીચિત્રો. સાથે સાથે સ્વચ્છતા, જાગૃતિ અને માનસિક સુરક્ષા જેવા વ્યવહારુ પાઠ પણ આપવામાં આવે છે. રૂબલ કહે છે કે તેમનો મુખ્ય ફોકસ નાના બાળકો પર છે, જેથી પ્રાથમિક શિક્ષણ ચૂકી જવાથી થતી લાંબા ગાળાની અસરો ઘટાડી શકાય. તેના મતે, "શિક્ષણ પહેલાં બાળકોને ભાવનાત્મક રીતે સ્વસ્થ બનાવવું જોઈએ. જ્યાં બાળકોને સન્માન, સુરક્ષા અને આનંદ મળે એવો માહોલ જ સાચા શિક્ષણનો આધાર છે."









જો તમે મુંબઈના Colabaના ધોબીઘાટ વિસ્તારમાં જશો, તો ત્યાંની દીવાલો પર ગુણાકારના પાઠ, વ્યાકરણના નિયમો, ભારતના નકશા, વિજ્ઞાનના ચિત્રો અને બંધારણીય મૂલ્યો નજરે પડશે. રૂબલ તેને "જીવંત પાઠ્યપુસ્તક" કહે છે. રૂબલ અને તેની ટીમ ઝૂંપડપટ્ટીની દીવાલોને જીવંત પાઠ્યપુસ્તકમાં ફેરવી રહી છે. આ વિસ્તારમાં આવેલ રજાક બાલ વિદ્યામંદિરમાં શિક્ષિકા શશીકલા પ્રસાદ છેલ્લા દસ વર્ષથી કળા દ્વારા બાળકોને ભણાવે છે. તે કહે છે, "ઉદાહરણ તરીકે પાણી બચતનો વિષય લો. પાણી બચાવવા ઘણા રસ્તા છે - ખુલ્લા નળ બંધ કરવા, લીક થતા નળ સુધારવા, પાણીનો વ્યય ન કરવો વગેરે. આ બધું લાંબી સમજણ આપવાને બદલે અમે ચિત્રો અને આકૃતિઓ દ્વારા શીખવીએ છીએ. બાળકોને વિષય વધુ સારી રીતે સમજાય છે અને લાંબા સમય સુધી યાદ રહે છે." શશિકલાના અનુભવ પ્રમાણે, "જ્યારે કળા દ્વારા ભણાવવામાં આવે છે ત્યારે બાળકોના વર્તનમાં પણ ફેરફાર આવે છે. તેઓ પાઠ્યપુસ્તક સુધી મર્યાદિત રહેતા નથી, પરંતુ જીવનમાં તે આદતો અપનાવે છે."

રૂબલ કહે છે, "જ્યારે અમે પ્રથમ વખત ભારતની ઝૂંપડપટ્ટીઓ અને ગામોમાં ગયા, ત્યારે સમજાયું કે બાળકોમાં પ્રતિભાનો અભાવ નહોતો, પરંતુ પ્રોત્સાહન, સહયોગ અને સન્માનજનક શિક્ષણ સ્થળોની ખામી હતી." આથી શરૂ થઈ તેમની મુખ્ય પહેલ - 'Misaal India'. કળાનો ઉપયોગ પાણી બચત અને હવામાન પરિવર્તન જેવા વિષયો સમજાવવા માટે થાય છે. જે વિસ્તારો પહેલાં અવગણનાનું પ્રતિબિંબ હતાં, તેઓ હવે સાફ, મરામત કરાયેલા અને રંગાયેલા છે. દીવાલો હવે શિક્ષણના સાધન બની ગઈ છે. રૂબલ ગર્વથી કહે છે, "અમારા ઘણા વિદ્યાર્થીઓએ ફાઇન આર્ટ્સમાં ડિગ્રી પૂર્ણ કરી છે. કેટલાક સિવિલ સર્વિસ પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે, જ્યારે અન્ય ભારતીય સેનામાં અધિકારી બનવા માટે તાલીમ લઈ રહ્યા છે." તેના વિવિધ પ્રોજેક્ટોમાં 'રૌનક' હેઠળ ગરીબ બાળકો માટે આર્ટ કેમ્પ, 'ક્રેયોન' હેઠળ યુવા કલાકારોની વૈશ્વિક પ્રદર્શનો, 'Learn' હેઠળ વ્યવસાયિક તાલીમ અને 'મહિલા સક્ષમ યોજના' હેઠળ ગામ અને ઝૂંપડપટ્ટીની મહિલાઓને હસ્તકલા અને ખાદી ઉત્પાદનો બનાવવાની તાલીમ આપવામાં આવે છે.

રૂબલ પોતાના શરૂઆતના દિવસોને યાદ કરે છે, જ્યારે તેને માતાપિતાને સમજાવવામાં ઘણો સમય પસાર કરવો પડતો કે બાળકોને શાળામાં મોકલવું જરૂરી છે. "પણ તેઓ ઈચ્છતા હતા કે બાળક કામ કરે અને કમાણી કરે," તે કહે છે. વર્ષો દરમિયાન આ વાતચીત સરળ બની છે, છતાં તે સતત પ્રયત્ન માંગે છે. રૂબલ માને છે, "કળા અવગણાયેલા સ્થળોને ગૌરવ આપે છે અને શિક્ષણ અવગણાયેલા જીવનને ગૌરવ આપે છે. શિક્ષણ રોજગાર સાથે જોડાય છે ત્યારે સમાજમાં ભાગીદારી વધે છે."

પોતાના કોલેજના દિવસોને યાદ કરતાં રૂબલ કહે છે કે તેને ગણિતથી ખૂબ ડર લાગતો. "ગણિતની પરીક્ષા પહેલાં મને ખરાબ સપનાઓ આવતી. શક્ય હોય તો હું દરેક ગણિતનો પિરિયડ છોડું," તે હસતા હસતા કહે છે. તેના શિક્ષકો સારા હતા છતાં તેને આંકડા સમજાતા નહોતા. પરંતુ તેણે

બાળકોને ગણિત રમૂજી અને કળા આધારિત રીતે શીખવવાનું શરૂ કર્યું ત્યારે તેણે જોયું કે બાળકો વિષયો ઝડપથી સમજી લેવા લાગ્યા. તે કહે છે, “કાશ, મારા કોઈ શિક્ષકે પણ મને આ રીતે શીખવ્યું હોત. કદાચ જે વિષયમાં હું નબળી હતી, એમાં હું સારી બની શકતી.” અને હવે તે બીજા બાળકો માટે એ જ પ્રકાશપુંજ બનવા માંગે છે. ૧૦ લાખ ડોલરનું આ ઇનામ તેને પોતાના સપનાની વધુ નજીક લઈ ગયું છે. રૂબલ આ રકમનો ઉપયોગ એક સ્કિલિંગ ઈન્સ્ટિટ્યૂટ બનાવવા માટે કરવા માંગે છે, જ્યાં મફત વ્યાવસાયિક અને ડિજિટલ સાક્ષરતા તાલીમ આપવામાં આવશે, જેથી લાખો ગરીબ અને વંચિત બાળકો અને યુવાનોનું ભવિષ્ય બદલાઈ શકે. ઘણી વખત સફર કલ્પનાના સૌથી સરળ સાધનોથી શરૂ થાય છે. અને ક્યારેક, માત્ર એક રંગીન ક્રેયોન જ પૂરતું હોય છે.

ભારતમાં કલાકાર બનવું સહેલું નથી. આ એક એવો વ્યવસાય છે, જેના પર ઘણીવાર અનિશ્ચિતતાનો પડછાયો રહે છે. પરંતુ જ્યારે રૂબલે આ માર્ગ પસંદ કર્યો, ત્યારે તેણે એક અદ્ભુત શક્તિનો અનુભવ કર્યો. કલાની એવી શક્તિ, જે ઘા ભરી શકે, લોકોને પ્રેરણા આપી શકે અને તેમને સશક્ત બનાવી શકે. વર્ષો પહેલાં તે પહેલીવાર એક ઝૂંપડપટ્ટીમાં ગઈ હતી. તે ત્યાં કલાકાર તરીકે નહોતી ગઈ, માત્ર નિરીક્ષણ કરવા ગઈ હતી. ત્યાં તેણે જે જોયું, તે જોઈને તેનું હૃદય તૂટી ગયું હતું. તે જેમને મળી, તેઓ તક માંગતા નહોતા - તેઓ તો પોતાની સૌથી મૂળભૂત જરૂરિયાતો માટે સંઘર્ષ કરી રહ્યા હતાઃ ભોજન, કપડા અને રહેઠાણ. પરંતુ જે વાતે તેને સૌથી વધુ સ્પર્શી, તે હતી તેમની શક્તિ અને સંઘર્ષ સામે ટકી રહેવાની ક્ષમતા. એ જ ક્ષણે તેને સમજાયું કે જો તેને કોઈ બદલાવ લાવવો હોય, તો શરૂઆત અહીંથી જ કરવી પડશે.





આગળના જ દિવસે તે બ્રશ, રંગો અને એ સમુદાયમાં રહેતા થોડા વિદ્યાર્થીઓ સાથે ફરી પાછી આવી. તેણે એક ઘર રંગ્યું. માત્ર એક. પરંતુ એ ઘરે કંઈક અસાધારણ શરૂઆત કરી. થોડા સમયમાં બીજા લોકો પણ જોડાતા ગયા. રંગો ખુશીની જેમ ફેલાવા લાગ્યા, દીવાલો કેનવાસ બની ગઈ અને અવગણાયેલી ગલીઓમાં ફરી જીવંતતા અને ગૌરવનો શ્વાસ ફરી વળ્યો. આ રીતે ‘મિસાલ મુંબઈ’નો જન્મ થયો. એક રંગાયેલા ઘરથી શરૂ થયેલી આ પહેલ હવે રાષ્ટ્રીય આંદોલન ‘મિસાલ ઈન્ડિયા’ બની ગઈ છે. આજે તે જે દીવાલ રંગે છે તે માત્ર કલા નથી, તે એક સંદેશ છે કે “તમે મહત્વ ધરાવો છો. તમારું જીવન રંગ, ગૌરવ અને પ્રકાશ લાયક છે.” તેની સફરમાં તેણે અનેક ભીંતચિત્રો (મ્યુરલ્સ) બનાવ્યાં છે અને વિશ્વભરમાં અનેક પ્રદર્શનોમાં ભાગ લીધો છે. પરંતુ કોઈ ગેલેરી કે કોઈ પુરસ્કારની એ લોકોના ચહેરા પર દેખાતી ખુશીની સાથે સરખામણી કરી શકાય તેમ નથી, જ્યારે તેઓ પોતાના ઘરને રંગોથી ફરી જીવંત બનેલું જુએ છે. તે ઘણીવાર કહે છે કે તે માત્ર દીવાલો રંગતી નથી, તે શક્યતાઓ રંગે છે અને દરેક મ્યુરલ, દરેક વર્ગ અને દરેક સ્મિત સાથે, તે એ કલાકાર અને માનવી બનવાની તેની ઈચ્છા તરફ થોડું વધુ આગળ વધે છે જે બનવાનું તેણે હંમેશા સપનું જોયું હતું.

ફરી Colaba તરફ નજર કરીએ તો ત્યાંની ઝૂંપડીઓની દિવાલો વિશાળ ભીંતચિત્રો અને પ્રેરણાત્મક સૂત્રોથી શોભાયમાન દેખાય છે. શૈક્ષણિક કેન્દ્રની દિવાલો પણ તેજસ્વી રંગોથી રંગાયેલી છે અને તેમાં છોડોથી લઈને પ્રાણીસૃષ્ટિ સુધીના વિવિધ વિષયો દર્શાવવામાં આવ્યા છે. સાત વર્ષની ખુશી જે આ કેન્દ્રની વિદ્યાર્થીની છે, કહે છે કે તેને “શાળા”માં આવવું ખૂબ ગમે છે અને તે ભવિષ્યમાં શિક્ષિકા

બનવાનું સપનું જુએ છે. તેની માતા ઘરકામ કરતી મજૂર છે અને હાલમાં પરિવારની એકમાત્ર કમાણી કરનાર સભ્ય છે.

જ્યારે કોરોના મહામારી આવી, ત્યારે દુનિયા ડરી ગઈ. ગરીબ લોકો માટે સ્થિતિ વધુ ભયંકર હતી. ઘણા બાળકો ભૂખ્યા હતા. ઘણા પરિવાર નિરાશામાં હતા. આ મુશ્કેલ સમયમાં પણ રૂબલ અટકી નહીં. એણે લોકોને મદદ પહોંચાડવાની શરૂઆત કરી. ખોરાક, જરૂરી વસ્તુઓ અને માનસિક સહારો. પણ એ સાથે એ બાળકો માટે સર્જનાત્મક પ્રવૃત્તિઓ પણ ચાલુ રાખતી. કારણ કે એ જાણતી હતી કે ભૂખ શરીરને તોડે છે, પણ નિરાશા આત્માને તોડી નાખે છે. ઘણા બાળકો લોકડાઉનમાં ડરાયેલા હતા. રૂબલ એમને કહેતી :“ચિત્ર દોરો. તમારો ડર કાગળ પર મૂકી દો.” બાળકો ધીમે ધીમે ફરી હસવા લાગ્યા.

રૂબલ માત્ર કલાકાર નહોતી. એ માર્ગદર્શક હતી. એ બાળકોને શીખવતી કે કલા સ્પર્ધા નથી. કલા અભિવ્યક્તિ છે. એક દિવસ એક બાળક બોલ્યો : “મારું ચિત્ર સુંદર નથી.” રૂબલ હસીને બોલી : “સાચી લાગણી હંમેશા સુંદર હોય છે.” આ વાક્ય ઘણા બાળકો માટે જીવનમંત્ર બની ગયું. રૂબલ દરેક બાળકમાં છુપાયેલા પ્રકાશને શોધવાનો પ્રયાસ કરતી. કોઈ બાળક ડાન્સમાં સારો. કોઈ રંગોમાં. કોઈ વાર્તાઓમાં. એમને પહેલી વાર લાગતું કે તેઓ નિષ્ફળ નથી. અને કદાચ એ જ શિક્ષણનું સાચું સ્વરૂપ છે.

સમય સાથે રૂબલનું કાર્ય માત્ર એક ફાઉન્ડેશન સુધી સીમિત રહ્યું નહીં. વિશ્વભરના લોકો એની વિચારધારાથી પ્રેરાયા. ઘણા શહેરોમાં સમુદાય આર્ટ પ્રોજેક્ટ્સ શરૂ થયા. વિદ્યાર્થીઓએ બસ્તીઓ રંગી. યુવાનો સમાજસેવામાં જોડાયા. લોકોને સમજાયું કે પરિવર્તન માટે હંમેશા મોટા ભાષણોની જરૂર નથી. ક્યારેક એક બ્રશ પણ ક્રાંતિ કરી શકે છે. એક બાળકનું મૌન રોદન, જે પહેલાં કોઈ સાંભળતું નહોતું, હવે દુનિયાભરમાં સંભળાવા લાગ્યું. અને આ બધાની શરૂઆત એક કલાકારના હૃદયથી થઈ હતી.

રૂબલે એક ભાવનાત્મક સંદેશમાં લખ્યું હતુંઃ “એક વખત મારા દીકરાએ મને કહ્યું હતું, ‘મા, તમે પુરસ્કારો જીતો છો કારણ કે તમે તમારા જીવનમાં કંઈક ઉપયોગી કાર્ય કર્યું છે.’ મેં સ્મિત કરીને તેને એ સત્ય કહ્યું, જે વર્ષોથી મારા મનમાં વસેલું છે - કે જીવનમાંથી મને હંમેશાં માત્ર શાંતિ જ જોઈતી હતી અને જ્યારે હું બાળકો સાથે હોઉં છું ત્યારે હું સૌથી વધુ શાંતિપૂર્ણ અને જીવંતતા અનુભવું છું. દરેક પુરસ્કાર અને દરેક સન્માન, જેના માટે હું દિલથી આભારી છું, તે માત્ર એવા જીવનના સુંદર પરિણામો છે, જે મને શાંતિ અને આનંદ આપે છે. જ્યારે તમારું ધ્યેય અને તમારી આંતરિક શાંતિ એકરૂપ બની જાય, ત્યારે જીવન અનપેક્ષિત રીતે તમને ઘણું પાછું આપે છે. પરંતુ જે વસ્તુ મારા હૃદયને સૌથી વધુ સંતોષ આપે છે, તે તો એક બાળકના જીવનમાં માન, રંગ અને સંભાવનાઓ લાવવાનો શાંત આનંદ છે. મારા માટે સાચી સફળતા એ જ છે. બાકી બધું તો માત્ર તેનું પ્રતિબિંબ છે.”

દુબઈના ક્રાઉન પ્રિન્સ, નાયબ વડા પ્રધાન અને સંરક્ષણ પ્રધાન શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તૂમ, રૂબલને ૧ મિલિયન ડોલરનો ગ્લોબલ ટીચર પ્રાઇઝ માટે તેના નામની જાહેરાત થઈ ત્યારે કોઈકે પૂછ્યું હતુ કે, “તેના મનમાં કોઈ છબી ચમકી હતી? "હા," તે કહે છે. "તે મારા બાળકોની તાળીઓ અને ઉલ્લાસનો અવાજ હતો. જ્યારે મેં હજારો નામાંકનમાંથી ટોચના ૫૦ માં સ્થાન મેળવ્યું, ત્યારે તેઓએ કહ્યુંઃ 'મેડમ, અમે તમારા માટે પ્રાર્થના કરી રહ્યા છીએ.' તેથી જ્યારે ગ્લોબલ ટીચર પ્રાઇઝ મળ્યું ત્યારે તે એક ફિલ્મ જેવું લાગ્યું. મેં તેમના હસતા ચહેરા દરેક જગ્યાએ જોયા."

કોઈકે પૂછ્યું, “શું તે પરાકાષ્ઠા જેવું લાગે છે કે શરૂઆત જેવું?” તેણે જવાબ આપ્યો, “દરેક પુરસ્કાર મોટી જવાબદારી સાથે આવે છે. આ ખૂબ મોટું પ્લેટફોર્મ છે. હું ભગવાનનો આભાર માનું છું, અને માનું છું કે મારે કામ પર પાછા ફરવાની જરૂર છે. જો મેં દસ કર્યા છે, તો હવે મારે સો કરવા જ જોઈએ. ” આ પુરસ્કાર શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તૂમ દ્વારા આપવામાં આવ્યો,

અને તે ક્ષણે તેમને સૌથી પહેલા યાદ આવ્યા તેમના વિદ્યાર્થીઓ. બાળકોના ચહેરા જ તેમના માટે સૌથી મોટું ઇનામ હતું.





તેમના એક શિક્ષકે કહ્યું હતું કે આ પુરસ્કાર શિક્ષણનો નોબેલ છે અને તે વાત તેમને અંદર સુધી સ્પર્શી ગઈ. તે તેમની માતા રસવિંદર કૌરનો આભાર માને છે કે તેમણે તેને "મજબૂત" બનાવી અને જ્યારે તેના પિતા, કર્નલ જ્ઞાન સિંહ સૂદન પોસ્ટેડ હતા ત્યારે તેને અને તેના બે ભાઈઓને લગભગ એકલા હાથે ઉછેર્યા હતા. આજે પણ રૂબલ કોઈ બાળકને રંગો સાથે રમતા જુએ છે ત્યારે તેને એ કાળો રૂમ અને સફેદ ટપકું યાદ આવે છે. દુનિયામાં હજુ ઘણું અંધારું છે. ગરીબી છે. હિંસા છે. નિરાશા છે. પણ જ્યાં સુધી કોઈ બાળક પોતાની આશા કાગળ પર દોરી શકે છે, ત્યાં સુધી દુનિયા સંપૂર્ણ અંધારી બની શકતી નથી. રૂબલની કથા આપણને શીખવે છે કે — કલા માત્ર દીવાલો પર નહીં, મનુષ્યના હૃદય પર દોરાય છે. અને...કલા માણસના હૃદયને સ્પર્શે છે ત્યારે મૌન રુદન પણ વૈશ્વિક ચળવળ બની જાય છે. એક નાનકડા બાળકના ચિત્રમાંથી જન્મેલું એ સફેદ ટપકું આજે લાખો લોકો માટે આશાનો સૂર્ય બની ગયું છે. કદાચ આ જ રૂબલની સૌથી મોટી જીત છે,કારણ કે એણે માત્ર ચિત્રો બનાવ્યાં નથી પણ તેણે અનેકના જીવનમાં રંગો નિખાર્યા છે.





સમાજ ઘણી વાર ગરીબ બાળકને આંકડા તરીકે જુએ છે. કોઈ એને “સ્લમ ચાઈલ્ડ” કહે છે. કોઈ “અનાથ.” કોઈ “ગરીબ.” પણ રૂબલ એ બાળકોને કલાકાર તરીકે જુવે છે. તેણે માનવતા જોઈ, સપનાઓ જોયાં અને તે માને છે કે કોઈ માણસ બીજા માણસમાં પ્રકાશ જુએ છે ત્યારે જ સાચા પરિવર્તનનો જન્મ થાય છે. રૂબલની કથા માત્ર એક કલાકારની કથા નથી. આ કથા છે - રંગોની, આશાની, માનવતાની, અને એ વિશ્વાસની કે એક બ્રશ પણ દુનિયા બદલી શકે છે.





**જ્યારે રૂબલનું નામ દુબઈમાં યોજાયેલા World Governments Summit દરમિયાન GEMS Education Global Teacher Prizeના વિજેતા તરીકે જાહેર થયું ત્યારે તે ક્ષણ માત્ર વૈશ્વિક માન્યતાથી ઘણું વધારે પ્રતીકાત્મક બની ગઈ હતી. Rouble Nagi Art Foundationની સ્થાપક અને ટ્રસ્ટી તરીકે, તેણે વર્ષો સુધી વંચિત સમુદાયોમાં શિક્ષણને નવી દિશા આપવાનો પ્રયાસ કર્યો છે, જેમાં અવગણાયેલા શહેરી વિસ્તારોને જીવંત શૈક્ષણિક પરિસરોમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. આ વાતચીતમાં નાગી મુંબઈની ઝૂંપડપટ્ટીના નાના વર્ગખંડોથી લઈને વૈશ્વિક મંચ સુધીની યાત્રા વિશે વાત કરે છે. તેઓ શિક્ષણમાં કરુણા, સર્જનાત્મક અભ્યાસની પરિવર્તનકારી શક્તિ અને કેમ શિક્ષકોનું શાંત કાર્ય સમગ્ર સમાજને બદલી શકે છે તે અંગે પોતાના વિચારો શેર કરે છે.**





**અંશોઃ**

❖ જ્યારે દુબઈમાં World Governments Summit દરમિયાન તમારું નામ GEMS Education Global Teacher Prize ના વિજેતા તરીકે જાહેર થયું, ત્યારે તમારા શિક્ષણપ્રવાસની કઈ પ્રથમ છબી અથવા યાદ તમારા મનમાં ઝબકી અને કેમ?

➢ **તે ક્ષણ ખૂબ જ અદભૂત હતી. મારી પ્રથમ પ્રતિક્રિયા આશ્ચર્ય અને કૃતજ્ઞતાની હતી. આ મારા માટે ખૂબ મોટું સન્માન હતું અને હું મહામહિમ શેખ હમદાન તથા Sunny Varkeyનો ખૂબ આભાર માનું છું કે તેમણે મને વિશ્વ સમક્ષ મારો સંદેશ વહેંચવા અને અન્ય શિક્ષકો સાથે જોડાવા માટે આ અદભૂત મંચ આપ્યો.પરંતુ મારા મનમાં જે છબી ઝબકી તે મંચ અથવા તાળીઓની હોતી - તે મુંબઈની ઝૂંપડપટ્ટીની એક સાંકડી ગલી હતી, જ્યાં તૂટી ગયેલી દીવાલ ધીમે ધીમે વર્ગખંડમાં ફેરવાઈ રહી હતી. મને એ ક્ષણ યાદ આવી જ્યારે ક્યારેય શાળામાં ન ગયેલા એક બાળકએ મૂળાક્ષરો વડે રંગાયેલી દીવાલ પર પહેલીવાર અક્ષરો લખ્યા હતા. તે ક્ષણે મારા માટે શિક્ષણનો સાચો અર્થ સ્પષ્ટ કર્યો - કે શિક્ષણને બાળકો જ્યાં છે ત્યાં પહોંચવું જોઈએ અને ગૌરવપૂર્ણ શિક્ષણ આત્મવિશ્વાસના દ્વાર ખોલી શકે છે.આ યાદીએ મને સમજાવ્યું કે આ માન્યતા માત્ર એક વ્યક્તિની નથી, પરંતુ દરેક બાળક, માતા-પિતા, સ્વયંસેવક અને શિક્ષકની છે જેમણે માન્યું કે સૌથી અવગણાયેલા સ્થળો પણ સંભાવનાઓના કેન્દ્ર બની શકે છે.**

❖ તમારું કાર્ય હંમેશા વર્ગખંડોથી ઘણું આગળ રહ્યું છે। શું તમે એવી કોઈ ઘટના શેર કરી શકો જ્યાં શિક્ષણે માત્ર એક બાળક નહીં પરંતુ આખા પરિવાર અથવા સમાજને બદલી નાખ્યો હોય?

➢ **અમારા કાર્યથી માત્ર બાળકો નહીં પરંતુ સમગ્ર સમાજ બદલાઈ રહ્યો હતો તેનું પહેલું સંકેત ત્યારે મળ્યું જ્યારે માતા-પિતાનો શિક્ષણ પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલાવા લાગ્યો. બાળકોમાં સાક્ષરતા, ગણિતીય સમજ અને આત્મવિશ્વાસ વધવા લાગ્યા ત્યારે જે પરિવારો પહેલાં શાળાને વૈકલ્પિક માનતા હતા તેઓ હવે બાળકોના અભ્યાસના સમયનું રક્ષણ કરવા લાગ્યા। માતા-પિતા દીવાલો પર બનેલા ચિત્રો તરફ ઈશારો કરીને પાડોશીઓને પાઠ સમજાવતા હતા; મોટા ભાઈ-બહેનો નાના બાળકોને અમારા કેન્દ્રો સુધી લાવવા લાગ્યા. ઘણા વિસ્તારોમાં સ્વચ્છતા અંગેના ચિત્રો અને વર્કશોપ્સને કારણે વધુ સ્વચ્છ આદતો વિકસ્યાં, બીમારીઓ ઓછી થઈ અને હાજરીમાં સુધારો થયો. હવે શિક્ષણને આરોગ્ય અને સુખાકારીથી અલગ કરી શકાય તેમ નહોતું. ગલીઓ**

**વધુ સ્વચ્છ બનવા લાગી અને દીવાલો "જીવંત પાઠ્યપુસ્તકો"માં ફેરવાઈ ત્યારે અવગણનાની જગ્યાએ ગૌરવની ભાવના આવી ગઈ। પરિવર્તન સ્પષ્ટ દેખાતું હતું — પરિવારો જોડાયેલા રહ્યા, પાડોશીઓએ મળીને શૈક્ષણિક જગ્યાઓની જવાબદારી લીધી અને સમાજે શિક્ષણને દાન નહીં પરંતુ ભવિષ્યમાં સંયુક્ત રોકાણ તરીકે જોવાનું શરૂ કર્યું.**

❖ તમે ઘણીવાર એવા વિદ્યાર્થીઓ સાથે કામ કર્યું છે જેઓને પ્રણાલીએ નકારી કાઢ્યા હતા। "કોણ શીખી શકે" અંગેનો કયો એક વિશ્વાસ છે જેને તમે ભારતની શિક્ષણવ્યવસ્થાએ ભૂલી જવો જોઈએ એવું માનો છો?

➢ **હું ઈચ્છું છું કે અમારી શિક્ષણવ્યવસ્થા આ માન્યતા છોડે કે બુદ્ધિ સ્થિર છે અને કેટલાક બાળકો "અભ્યાસુ નથી". મારા સાથે કામ કરનારા ઘણા બાળકોને રસ ન ધરાવતા તરીકે ગણવામાં આવ્યા હતા। પરંતુ હકીકતમાં તેઓ ભૂખ, કામ, બીમારી અને અસ્થિરતા વચ્ચે જીવતા પ્રથમ પેઢીના શીખનારાઓ હતા. શિક્ષણ માત્ર પુસ્તકો દ્વારા આપવામાં આવતું ત્યારે તેઓ સંઘર્ષ કરતા; પરંતુ જ્યારે શિક્ષણ દૃશ્યાત્મક, સર્જનાત્મક અને તેમના જીવન સાથે જોડાયેલું બન્યું ત્યારે તેઓ ફૂલ્યા-ફાલ્યા. દરેક બાળક શીખી શકે છે જો વ્યવસ્થા પોતે અનુકૂળ થવાનું શીખે. શિક્ષણએ બાળકોને કઠોર માળખામાં ફિટ થવા માટે મજબૂર કરવાનું બંધ કરવું જોઈએ અને બાળકોની વાસ્તવિકતાઓ અનુસાર માળખા બનાવવાનું શરૂ કરવું જોઈએ. આપણે વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક, ભાવનાત્મક અને સામાજિક સ્તરે સમજીએ છીએ, ત્યારે આપણને એવી ક્ષમતાઓ દેખાય છે જે ક્યારેય ગાયબ નહોતી - માત્ર અજાણી હતી.**

❖ ટેકનોલોજી અને માપદંડો પ્રત્યે વધતી મોહમાયાવાળી દુનિયામાં, કયો માનવીય ગુણ શિક્ષકોએ વર્ગખંડમાં કોઈપણ કિંમતે જાળવી રાખવો જોઈએ?

➢ **શિક્ષકોએ જે ગુણ કોઈપણ કિંમતે જાળવી રાખવો જોઈએ તે છે - કરુણા. ટેકનોલોજી શિક્ષણને વધુ અસરકારક બનાવી શકે છે અને માપદંડો સુધારાના માર્ગદર્શન આપી શકે છે, પરંતુ બંને માનવીય જોડાણનું સ્થાન લઈ શકતા નથી. જે સમુદાયો સાથે હું કામ કરું છું, ત્યાં ઘણા બાળકો શાળાના બેગ કરતાં પણ ભારે જીવનસંઘર્ષો વહન કરે છે. તેમને પાછા આવવા માટે પ્રેરિત કરતી વસ્તુ સ્ક્રીન અથવા ગુણ નથી - પરંતુ "મારા જોવામાં આવ્યું છે" એવી લાગણી છે. કરુણા સુરક્ષા આપે છે; સુરક્ષા જિજ્ઞાસા જગાવે છે; અને જિજ્ઞાસા શીખવાની શક્તિ બને છે. શિક્ષકો માત્ર જ્ઞાન આપનારા નથી - તેઓ વિશ્વાસના નિર્માતા છે અને આ વિશ્વાસ એવી વસ્તુ છે જેને કોઈ ટેકનોલોજી ક્યારેય સ્વચંસંચાલિત બનાવી શકશે નહીં.**

❖ ભારતના મૂળભૂત શિક્ષણ કાર્યથી લઈને દુબઈમાં વૈશ્વિક માન્યતા સુધી, શિક્ષણ પ્રત્યેના તમારા અભિગમમાં શું સ્થિર રહ્યું અને માર્ગમાં શું બદલાયું?

➢ **જે અચળ રહ્યું તે હતું મારું વિશ્વાસ કે શિક્ષણ સર્જનાત્મક, સર્વસમાવેશક અને વાસ્તવિક જીવન સાથે જોડાયેલું હોવું જોઈએ. ચાહે ઝૂંપડપટ્ટીની ગલી હોય કે વૈશ્વિક મંચ - મૂળ વિચાર એ જ રહ્યોઃ શિક્ષણ ગૌરવ, જિજ્ઞાસા અને આત્મનિર્ભરતા પ્રેરિત કરવું જોઈએ. કલા હંમેશા મારી અભિવ્યક્તિની ભાષા રહી છે - ભયને જિજ્ઞાસામાં અને અવગણાયેલા સ્થળોને વર્ગખંડોમાં ફેરવવાનો માર્ગ. જે બદલાયું તે હતી કાર્યની વ્યાપકતા અને જવાબદારી. વૈશ્વિક માન્યતાએ વધુ વિશાળ મંચ અને વધુ જવાબદારી આપી. તેણે મારી અંદરની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનાવી કે દરેક બાળક સુધી પહોંચવું જરૂરી છે અને વિશ્વને બતાવવું જોઈએ કે શિક્ષણમાં નવીનતા માટે હંમેશા ઊંચી ટેકનોલોજી જરૂરી નથી - કલ્પનાશક્તિ, સહાનુભૂતિ અને વિશ્વાસ પણ એટલાં જ મહત્વપૂર્ણ છે. સાધનો વધ્યા છે, ભાગીદારીઓ વધી છે, પરંતુ કાર્યનું હૃદય આજે પણ સ્થાનિક અને માનવીય જ છે.**

❖ જો કોઈ નાના  શહેરનો યુવા શિક્ષક આજે તમારી જીત વિશે વાંચી રહ્યો હોય અને પોતાને અજાણ્યો તથા ભારગ્રસ્ત અનુભવી રહ્યો હોય, તો તમે તેને તેના કાર્યના સાચા પ્રભાવ વિશે શું કહેવા માંગશો?

➢ **હું તેને કહેવા માંગું છું કે શિક્ષણનું સૌથી શક્તિશાળી કાર્ય ઘણીવાર પ્રકાશથી દૂર થાય છે. નાના શહેરમાં દરરોજ શાળામાં આવતો શિક્ષક, સંઘર્ષ કરતા બાળકને સાંભળે છે અથવા વિદ્યાર્થીને પોતામાં વિશ્વાસ કરાવે છે કે તે પહેલેથી જ દુનિયા બદલી રહ્યો છે, શાંતિપૂર્વક, સતત અને અર્થપૂર્ણ રીતે। માન્યતા મળે કે ન મળે, પ્રભાવ હંમેશા સાચો રહે છે - ભલે તે તરત દેખાતો ન હોય. એક વર્ગખંડમાં તમે જે અસર ઊભી કરો છો તેની તરંગો પરિવારો, સમાજ અને ભવિષ્ય સુધી પહોંચે છે, કદાચ જ્યાં સુધી તમે જાતે ક્યારેય ન જોઈ શકો. આ પુરસ્કારે મારા કાર્યનું મૂળ સ્વરૂપ બદલ્યું નથી; તેણે માત્ર એ સત્યને વધુ ઊંચો અવાજ આપ્યો છે જે હું હંમેશા જાણતી હતી કે શિક્ષકો મહત્વ ધરાવે છે. તમારી હાજરી, તમારો ધીરજ અને તમારા વિદ્યાર્થીઓ પ્રત્યેનો વિશ્વાસ એવી શક્તિ ધરાવે છે જે કોઈપણ હેડલાઇન કરતાં વધુ લાંબા સમય સુધી ટકી રહે છે.**

❖ **GEMS Education Global Teacher Prize** જીતવા માટે તમને કયા બે મોટા પડકારોનો સામનો કરવો પડ્યો?

➢ **સૌથી મોટો પડકાર હતો અત્યંત નબળી માળખાકીય સુવિધાઓ અને જે બાળકોને હું ભણાવવા માંગતી હતી તેમની ગંભીર સામાજિક-આર્થિક મુશ્કેલીઓ. ભારતની ઝૂંપડપટ્ટીઓ અને ગામોમાં ઘણી જગ્યાએ યોગ્ય વર્ગખંડો, વિશ્વસનીય વીજળી અને મૂળભૂત સુવિધાઓ નહોતી. બીજી તરફ બાળકો ભૂખમરો, બીમારી, બાળમજૂરી અને વહેલી ઉંમરના લગ્ન જેવી સમસ્યાઓનો સામનો કરતા હતા। આવી પરિસ્થિતિઓમાં શિક્ષણ સતત ખોરવાતું હતું અને પરંપરાગત શાળાશિક્ષણથી આગળ વધીને નવીન ઉકેલો શોધવાની જરૂર પડતી હતી.**





❖ સામાજિક કાર્યકર તરીકે તમને કઈ બે બાબતો ગમે છે?

➢ **મને સામૂહિક પ્રયાસોની શક્તિ ખૂબ ગમે છે, જ્યારે સમુદાયો પોતાના પ્રશ્નોનો ઉકેલ મેળવવા માટે એક થાય છે. ઉપરાંત, જ્યારે વંચિત લોકો પોતાનો આત્મવિશ્વાસ અને આત્મસન્માન ફરી મેળવે છે, તે ક્ષણો મને ખૂબ સ્પર્શે છે.**

❖ લોકો વિશે કઈ બે બાબતો તમને વ્યથિત કરે છે?

➢ **સામાજિક અન્યાય પ્રત્યેની ઉદાસીનતા મને ખૂબ દુઃખ આપે છે. ઉપરાંત, જ્યારે બદલાવ સ્પષ્ટ રીતે વધુ સારો અને ગૌરવપૂર્ણ જીવન લાવી શકે તેમ હોય છતાં લોકો તેનો વિરોધ કરે છે, તે બાબત પણ મને વ્યથિત કરે છે.**

❖ જીવનના કયા બે નિર્ણયો વિશે તમને ક્યારેય અફસોસ નથી થયો?

➢ **કળા સાથે સાથે સામાજિક સેવામાં જીવન સમર્પિત કરવાનો નિર્ણય હું ખૂબ મૂલ્યવાન માનું છું. બીજો નિર્ણય હતો તળિયાના સ્તરે રહીને કામ કરવાનો, ભલે વધુ સરળ માર્ગો ઉપલબ્ધ હતા.**

❖ તમારા માતા-પિતા માટે બે પ્રશંસાના શબ્દો?

➢ **તેમણે મને મુશ્કેલીઓ વચ્ચે પણ સત્ય માટે ઊભા રહેવાની હિંમત આપી. ઉપરાંત, તેમણે મને કરુણા રાખતા શીખવી, જે આજે પણ મારી કળા અને સામાજિક કાર્યનો આધારસ્તંભ છે.**

❖ તમારી સર્જનાત્મક કારકિર્દીમાં તમે કયા બે લક્ષ્યો હાંસલ કરવા માંગો છો?

- **હું એવી કળા સર્જવા માંગું છું જે વૈશ્વિક સ્તરે સામાજિક પરિવર્તન લાવતી રહે. ઉપરાંત, હું ખાસ કરીને ગરીબ અને વંચિત પૃષ્ઠભૂમિના યુવા કલાકારોને માર્ગદર્શન આપી તેમને પોતાની ઓળખ અને અવાજ શોધવામાં મદદ કરવા માંગું છું.**

❖ તમારી ખુશી માટે તમે કઈ બે બાબતો કરો છો?

- **હું શાંતિથી બેસીને કળા સર્જન કરું છું, જે મને આંતરિક રીતે સ્થિર રાખે છે. ઉપરાંત, સમુદાયો સાથે કામ કરીને અને વાસ્તવિક સકારાત્મક પરિવર્તન જોવાથી મને અપરંપાર આનંદ મળે છે.**

❖ તમારી તંદુરસ્તી માટે તમે કઈ બે બાબતો કરો છો?

- **હું નિયમિત ચાલવું અને સરળ શારીરિક કસરતો દ્વારા શિસ્ત જાળવી રાખું છું. ઉપરાંત, હું ધ્યાન અને માનસિક એકાગ્રતાનો અભ્યાસ કરું છું, કારણ કે માનસિક શક્તિ શારીરિક આરોગ્ય જેટલી જ મહત્વપૂર્ણ છે.**



**https://www.youtube.com/watch?v=yy_MHTe-Dm8**
**https://www.youtube.com/watch?v=7G1QZmzmols&t=44s**
**https://www.youtube.com/watch?v=03_UEzUuWbQ**
**https://www.youtube.com/watch?v=t3kLczp0h2M**
**https://www.youtube.com/watch?v=bJWXLzq4GsI**
**https://www.youtube.com/watch?v=i5CB32Oq5MM**
**https://www.youtube.com/watch?v=yy_MHTe-Dm8**
**https://www.youtube.com/watch?v=ljqEEKcN6ds&t=10s**
**https://www.youtube.com/watch?v=7G1QZmzmols&t=20s**
**https://www.youtube.com/watch?v=uCJV5D-RxLc**